હુડ હુડ વાવાઝોડા સામે હાઈએલર્ટ

સાવચેતીના પગલારુપે ૩૮થી વધુ ટ્રેનો રદ : વાવાઝોડુ આજે દરિયાકાંઠાના વિસ્તારમાં ત્રાટકશે

નવીદિલ્હી,તા. ૧૧

વિનાશકારી હુડ હુડ વાવાઝોડાના ખતરાને ધ્યાનમાં લઇને લાખો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી ચુક્યા છે. આંધ્રપ્રદેશ અને ઓરિસ્સાના દરિયાકાંઠાના ક્ષેત્રમાં આવતીકાલે સવારે સંપૂર્ણ તાકાત સાથે આ વાવાઝોડુ ત્રાટકે તેવી શક્યતા છે. આની સૌથી વધુ અસર સવારે ૧૧ વાગે જોવા મળી શકે છે. આંધ્ર અને ઓરિસ્સાના ૮૦૦ કિમીના દરિયાઇ ક્ષેત્રમાં સૌથી માઠી અસર થઇ શકે છે. સાવચેતીના પગલારૂપે ૩૮થી વધુ ટ્રેનો રદ કરવામાં આવી ચુકી છે. સાવચેતીના અભૂતપૂર્વ પગલા લેવામાં આવી ચુક્યા છે. મળેલી માહિતી મુજબ આવતીકાલે વાવાઝોડુ વિશાખાપટ્ટનમ

પહોંચશે. હજારો બચાવ કર્મી, ૧૯૩ નૌકાઓ પણ તૈયાર રાખવામાં આવી છે. ઓરિસ્સા અને આંધ્રના અસરગ્રસ્ત વિસ્તારમાંથી લાખો લોકોને ખસેડવામાં આવ્યા છે. આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ, વિજયનગરમ, વિશાખાપટ્ટનમ, પૂર્વીય ગોદાવરી જિલ્લાઓમાંથી હજારો લોકોને સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે જ્યારે દક્ષિણી ઓરિસ્સા અને દરિયાકાંઠાના વિસ્તારોમાંથી પણ હજારો લોકોને ખસેડવામાં આવી ચુક્યા છે. ઓરિસ્સામાં ભારે વરસાદ શરૂ થઇ ચુક્યો છે. વાવાઝોડુ હુડ હુડ આવતીકાલે દરિયાથી પસાર થશે જે ગાળા દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ પડશે. દક્ષિણ ઓરિસ્સાના દરિયાકાંઠાઓના જિલ્લાઓને પણ અસર થશે. હાલ વાવાઝોડુ વિશાખઆપટ્ટનમથી ૩૩૦ કિલોમીટર દક્ષિણ પૂર્વ સ્થિત છે જ્યારે ગોપાલપુરથી ૩૮૦ કિલોમીટર દક્ષિણપૂર્વ સ્થિત છે. આ વાવાઝોડાના ખુબ જ ખતરનાક વાવાઝોડામાં અપગ્રેડ કરીને હવામાન વિભાગે ચેતવણી આપી છે. આંધ્રના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ દરિયાકાંઠાના પ્રદેશની સેટેલાઇટ ઇમેજ માટે ઇસરોને અપીલ કરી છે.

વિનાશકારી હુડ હુડ વાવાઝોડાના ખતરાને ધ્યાનમાં લઈ પુરી ખાતે ઓડીસા ડિઝાસ્ટર રેપીડ એકશન ફોર્સ અને જિલ્લા પ્રશાસને સાથે મળી વાવાઝોડાની પહેલા મોક ડ્રીલ યોજી હતી.

આનાથી બચાવ અને રાહત કામગીરીમાં મદદરુપ થશે. બંને રાજ્યોમાં પહેલાથી જ રાહત કેમ્પ સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે જેમાં તમામ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી ચુકી છે. ભારતીયા નેવીના ૧૦ હેલિકોપ્ટર, ચાર જહાજો, ૨૫૦ આર્મીના જવાનો, ૧૫ એનડીઆરએફની ટીમો તૈનાત રાખવામાં આવી છે. ઇસ્ટકોસ્ટ રેલવે દ્વારા ૩૮ ટ્રેનો રદ કરાઈ છે જ્યારે ભારતીય રેલવે દ્વારા ભુવનેશ્વર અને વિશાખાપટ્ટનમ વચ્ચે ૪૦ ટ્રેનો રદ કરાઈ છે. ઓરિસ્સાથી બે ફ્લાઇટો પણ રદ કરવામાં આવી છે.

કાશ્મીર પુર : ૪૪૦૦૦ કરોડના પેકેજની માંગણી

કેન્દ્ર પાસે ઘણી બધી રાહતોની માંગ પણ કરવામાં આવી
જંગી વળતર ઉપરાંત ૧૦ વર્ષના ટેક્સ હોલીડેની માંગણી

શ્રીનગર, તા. ૧૧

જમ્મુ કાશ્મીર સરકારે પુરગ્રસ્ત લોકોના પુનઃવસવાટ માટે ૪૪૦૦૦ કરોડના ખાસ નાણાંકીય પેકેજની માંગણી કરીને કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત રજૂ કરી દીધી છે. રાજ્ય કેબિનેટની બેઠક મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના નેતૃત્વમાં યોજાઈ હતી જેમાં કેન્દ્ર પાસેથી ખાસ પેકેજની માંગ કરવાની દરખાસ્તને મંજુર કરવામાં આવી હતી. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ હેઠળ ૧૯૪૭ કરોડ રૂપિયા જારી કરવા કેન્દ્રીય ગૃહમંત્રાલય સમક્ષ રજૂઆત કરવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આર્થિક સ્થિતિને પહોંચી વળવા માટે ૧૦ વર્ષ સુધી જમ્મુ કાશ્મીર રાજ્ય માટે ટેક્સ હોલીડે જાહેર કરવાની માંગ કરવાનો પણ નિર્ણય કરાયો છે. આ ઉપરાંત રાજ્ય કેબિનેટે સ્વૈચ્છિક ગાળા દરમિયાન તમામ મદદ કરવા તમામ બેંકો અને નાણાંકીય સંસ્થાઓને આદેશ આપવા કેન્દ્ર સરકારને વિનંતી કરવાનો પણ નિર્ણય કરાયો છે. ખાસ નાણાંકીય પેકેજ હેઠળ તમામ મદદ કરવાની વાત કરવામાં આવી છે. અસરગ્રસ્ત પરિવારો ખુબ જ મુશ્કેલીમાં છે. તેમના મકાન સંપૂર્ણપણે નાશ પામ્યા છે. સરકાર ચોક્કસગાળા સુધી તેમને મદદ કરવા ઇચ્છુક છે. વ્યક્તિગતો માટે ૩૦૦૦૦૦ સુધીની લોન માફ કરવા સુધીની પણ વાત કરવામાં આવી છે. ખાસ નાણાંકીય પેકેજ હેઠળ જે માંગ કરવામાં આવી છે તેમાં સંપૂર્ણપણે નુકસાન પામેલા પાકા મકાન માટે ૯૦૦૦૦ની રકમ સુધી ખાનગી માળખાના નુકસાન સામે વળતરની માંગનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકાર દ્વારા હજુ સુધી તમામ મદદ કરવાની ખાતરી આપી છે પરંતુ રાજ્ય સરકાર તરફથી કોઇ રજૂઆત કરવામાં આવી ન હતી. સપ્ટેમ્બરમાં મહિનામાં જમ્મુ કાશ્મીરમાં વિનાશકપુરના કારણે ૧૫૦૦૦૦૦ પરિવારને અસર થઇ હતી.

અજિત પવારની કારમાંથી પાંચ લાખ મળતા ચકચાર

મુંબઈ,તા. ૧૧

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે નેશનલ કોંગ્રેસ પાર્ટીના નેતા અને ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન અજિત પવારની મુશ્કેલી વધી ગઇ છે. બુધવારના દિવસે તેમના કાફલામાં એક વાહનમાંથી પાંચ લાખ રૂપિયા રોકડા મળ્યા બાદ તકલીફ વધી ગઇ છે. તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. ગંગાખેડ પોલીસ દ્વારા તેમની સામે એફઆઈઆર દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને પરભાની જિલ્લામાં ગંગાકેડ સરહદ પર એક ચેકપોસ્ટ ખાતે વાહનમાંથી ૪.૮૫ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. પવારે દાવો કર્યો છે કે આ નાણાં પાર્ટીના છે. જો કે પોલીસ આ દાવાને સ્વીકારવા માટે તૈયાર દેખાઇ રહી નથી. જેથી પોલીસે તેમની સામે કેસ દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. અહેવાલસ મુજબ એનસીપીના પરભાની પ્રમુખ વિજય ભામ્બલેની સામે પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે. એનસીપીના પ્રવકતા નવાબ મલિકે કહ્યું છે કે કબજે કરવામાં આવેલી રકમ આઠ લાખ રૂપિયાના ભાગરૂપે છે. જે પ્રચાર માટે પવારને આપવામાં આવી હતી. પોલીસે એફઆઈઆર નોંધીને વધુ તપાસ હાથ ધરી હોવા છતાં એનસીપી લડાયક મુડમાં છે. અજિત પવારનો બચાવ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું છે કે અમે કોર્ટમાં આ કેસ સાબિત કરીશુ. પાર્ટી ફંડમાંથી રકમ જારી કરવામાં આવી હોવાની વાત કરવામાં આવી રહી છે. હજુ સુધી રાજયમાં પોલીસ અને ચૂટણી પંચ દ્વારા ૧૫ કરોડની રકમ કબજે કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી ૧૫મી ઓક્ટોબરના દિવસે યોજાનાર છે. જેને લઇને ચૂંટણી પંચ અને પોલીસે બાજ નજર રાખી છે. ચકાસણી વદુ તીવ્ર બનાવી દેવામાં આવી છે.

ભારત દ્વારા જોરદાર જવાબી કાર્યવાહી કરાઈ

સરહદ ઉપર પાકિસ્તાનનો ફરીવાર ભીષણ ગોળીબાર

જમ્મુ, તા. ૧૧

જમ્મુ કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા ઉપર યુદ્ધવિરામનો વ્યાપક ભંગ કરીને તીવ્ર ગોળીબાર કર્યા બાદ થોડીક શાંતિ બાદ પાકિસ્તાને આજે ફરી એકવાર સરહદ ઉપર ગોળીબાર કર્યો છે. પાકિસ્તાની સૈનિકોએ પૂંચ જિલ્લામાં અંકુશ રેખા ઉપર ભારતીય ચોકીઓ ઉપર ભારે ગોળીબાર કર્યો છે. ભારતીય સેના દ્વારા પણ જવાબી કાર્યવાહી કરવામાં આવી છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, પૂંચ જિલ્લામાં અંકુશ રેખાના શાહપુર કરણી સેક્ટરમાં ભારે ગોળીબાર કરવામાં આવ્યો છે. પાકિસ્તાની સેના પણ જોરદાર જવાબ આપી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે, નવેસરના ગોળીબારમાં કોઇપણ પક્ષને ખુવારી થઇ નથી પરંતુ ગોળીબારના કારણે તંગદિલી પ્રવર્તી રહી છે. જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર શાંતિ હોવાના અગાઉ અહેવાલ આવ્યા હતા. ગુરુવાર રાત્રિ બાદથી પાકિસ્તાની સૈનિકો તરફથી કોઇ ગોળીબાર કરવામાં આવ્યો ન હતો. આજે બીજા દિવસે જમ્મુ, સાંબા, કઠુઆ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો. સ્થિતિ હજુ પણ ખુબ જ તંગ બનેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છઠ્ઠી ઓક્ટોબર બાદથી જમ્મુ પ્રદેશમાં અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં આઠ લોકોના મોત થયા છે અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ગુરુવારે રાત્રે છેલ્લે પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. આજે ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને જટિલ સ્થિતિ સર્જી છે. પાકિસ્તાની સૈનિકોએ પૂંચમાં કરેલા ગોળીબારનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો છે. ભારતીય સૈનિકો હાલમાં ખુબ જ સાવધાન થયેલા છે. પહેલી ઓક્ટોબર બાદથી આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ડઝનથી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે.

આદર્શ ગ્રામ યોજનાની શરૂઆત : ગામોને કુપોષણ મુક્ત કરાશે

દેશના દરેક સાંસદ વર્ષે આ યોજના હેઠળ એક ગામને દત્તક લેશે : ૨૦૧૬ સુધી વિકાસ મોડલ રચાશે

નવી દિલ્હી,તા. ૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાની સરકારની મહત્વકાંક્ષી યોજના આદર્શ ગ્રામ યોજના શરૂ કરી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી સ્થિત વિજ્ઞાન ભવનમાં યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ કામ ખુબ સરળ છે. અમને માત્ર મુડ બદલવાની જરૂર છે. મોદીએ અપીલ કરી હતી કે સાંસદ કોઇ પણ પાર્ટીના હોય વિકાસ અમારો હેતુ રહેવો જોઇએ. આ યોજના રચનાત્મક રાજનિતીનો માર્ગ ખોલી દેશે. આ યોજના હેઠળ દરેક સાંસદ વર્ષ ૨૦૧૯ સુધી ત્રણ ગામમાં મૂળભૂત અને સંસ્થાકીય માળખુ વિકસિત કરવાની જવાબદારી સંભાળી લેશે. એટલે કે વર્ષ ૨૦૧૯ સુધી દરેક સંસદીય ક્ષેત્રમાં ત્રણ આદર્શ ગામ બનાવવાની યોજના રાખવામાં આવી છે. વડાપ્રધાને કહ્યું હતું કે આ યોજના ખુબ અસરકારક છે. આદર્શ ગ્રામ યોજનામાં નિર્ણય ગામના લોકો જ કરશે. રાજ્યો પણ ધારાસભ્યો માટે આવી યોજના બનાવે તે જરૂરી છે. સાંસદ કોઇ પણ પાર્ટીના હોય તો પણ વિકાસની કામગીરી હાથ ધરવામાં આવે તે જરૂરી છે. મોદીએ માહિતી આપતા કહ્યું હતું કે દત્તક લેવામાં આવેલા ગામ સાંસદના ગામ તરીકે રહેશે નહી. દેશના દરેક સાંસદ દરેક વર્ષેઆ યોજના હેઠળ એક દામ દત્તક લેશે. સપ્લાયને ડિમાંડમાં ફેરવી નાંખવાની તેમની યોજના છે. વડાપ્રધાને યાદ અપાવી હતી કે લોકનાયક

જયપ્રકાશ નારાયણે ગ્રામ ધર્મની વાત કરી હતી. વર્ષ ૨૦૧૬ સુધી વિકાસ મોડલ ઉભા થઇ જશે.સ્વતંત્રતાની લડાઈની શરૂઆત ગામોમાંથી થઇ હતી. મહાત્માં ગાંધીના જીવનમાં ગ્રામના મહત્વની વાત પણ મોદીએ કરી હતી. રાજીવ શુકલા અને અભિજીત મુખર્જી પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. મોદીએ વારાણસીના ક્કરહિયા ગામની પસંદગી કરી છે. આ અહેવાલ બાદ હવે ગામોમાં તુટેલા માર્ગોને વ્યવસ્થિત કરવામાંઆવી રહ્યા છે. સમગ્ર ગામમાં યુદ્ધના સ્તરે સફાઇ ઝુંબેશ જારી છે. વારાણસીથી આશરે ૨૨ કિલોમીટરના અંતરે સ્થિત રોહનિયાના ક્કરહિયા ગામ વડાપ્રધાનના સંસદીય મતવિસ્તારમાં આવે છે. વડાપ્રધાન દ્વારા જણાવાયું છે કે, ગામોને કુપોષણ મુક્ત કરવામાં આવે તે જરૂરી છે. લોકનાયક જયપ્રકાશ નારાયણના ગ્રામ ધર્મનો પણ મોદીએ ઉલ્લેખ કર્યો હતો. વિજ્ઞાન ભવનમાં આયોજિત કાર્યક્રમવેડા અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, જો આશરે ૮૦૦ સાંસદ વર્ષ ૨૦૧૯ સુધી ત્રણ-ત્રણ ગામોનો વિકાસ કરે તો ૨૫૦૦ ગામોનો વિકાસ થશે. બીજીબાજુ આ યોજના હેઠળ મોદીએ એમપણ કહ્યું હતું કે, તેઓ પણ એક ગામની પસંદગી કરી રહ્યા છે. આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી ત્યારે કેન્દ્રીય ગ્રામીણ વિકાસ પ્રધાન નીતિન ગડકરી અને કેન્દ્રીય ગ્રામીણ વિકાસ રાજ્ય પ્રધાન ઉપેન્દ્ર કુશવાહ ઉપસ્થિત રહ્યા હતા. શિવસેનાના સભ્યો ઉપસ્થિત રહ્યા નહતા. ભાજપ અને શિવસેના વચ્ચે ખેંચતાણ દેખાઈ આવી હતી. કોંગ્રેસના ત્રણ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સમાચાર ઝલક

- મુંબઈમાં જવેલરી શો રૂમમાં ભીષણ આગ.
- ભુજ નજીક સમખાણિયા ગામમાં લાખોનું ચંદન ઝડપાયું.
- ૨૦૧૯ સુધીમાં ૨૫૦૦ આદર્શ ગામો સંસદ સભ્યો દ્વારા કરવાનો લક્ષ્યાંક.
- હારીજ નગરપાલિકાના પ્રમુખ દારૂબંધીના ગુનેગાર થતા જેલમાં ધકેલાયા.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમમાં કોંગ્રેસના સંસદ સભ્યોની હાજરીથી અચરજ થયું.
- જમ્મુ કાશ્મીરમાં ઋતુની પ્રથમવાર બરફવર્ષા થઈ.
- રાજકોટમાં કોંગ્રેસના ચૂંટણી કાર્યાલયમાં રહસ્યમય આગ. સામ-સામી આક્ષેપબાજી.
- આંધ્ર-ઓરિસ્સાના વાવાઝોડાની ગુજરાતને કોઈ અસર થશે નહિ. વરસાદના છાંટા પડવાની શકયતાઓ.
- હોંગકોંગમાં લોકતંત્રની માંગણી માટેનું આંદોલન ચથાવત.
- બનાસકાંઠામાં નર્મદા કેનાલમાં ગાબડુ પડતાં ૨૫૦ એકરમાં પાણી ફરી વળ્યાં.
- અમદાવાદમાં ૩ ઈસમો પાસેથી લાખોનું ચરસ પકડી પાડતી પોલીસ.
- આણંદમાં ચાર માસની બાળકીની આર્થિક સંકડામણમાં કુવામાં નાંખી હત્યા કરતો પિતા.
- હરિયાણા-મહારાષ્ટ્રમાં ચરમસીમાએ પહોંચેલો ચૂંટણી પ્રચાર.
- દિવાળી નજીક આવતા બજારોમાં ખરીદીનો ધમધમાટ.
- અમદાવાદ, સૂરત, વડોદરા અને રાજકોટ 'બૃહદ મહાનગર' બનશે.

હરિયાણામાં મિશન ૬૦ પ્લસ માટે ભાજપે તાકાત લગાવી છે

ચંદીગઢ,તા. ૧૧

હરિયાણામાં બહુમતિ મેળવવા માટે ભાજપે તમામ તાકાત લગાવી દીધી છે. વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહી ગયા છે ત્યારે ભાજપે તમામ તાકાત લગાવી દીધી છે. વ.ડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના સ્ટાર પ્રચારકો મેદાનમાં છે. રેલીઓ યોજવામાં આવી રહી છે. મોદી ટુંકા ગાળામાં જ અનેક રેલી કરી ચુકયા છે. ગળુ બેસી ગયુ હોવા છતા મોદી ઝંઝાવતી પ્રચાર કરી રહ્યા છે. ભાજપ હરિયાણામાં મિશન ૬૦ પ્લસની યોજનાને પાર પાડવા સજ્જ છે. મોદી કોંગ્રેસ શાષિત આ રાજ્યમાં આઠથી વધારે રેલીઓ કરી ચુક્યા છે. મોદી મોટી સંખ્યામાં લોકો ખેંચી રહ્યા છે. ભાજપના અન્ય નેતાઓ પણ પાછળ રહ્યા નથી. રાજ્યમાં પ્રચાર કરી રહેલાઓમાં ભાજપ પ્રમુખ અમિત શાહ, કેન્દ્રિય પ્રધાન રાજનાથસિંહ, સુષ્મા સ્વરાજ, નિતિન ગડકરી, સ્મૃતિ ઈરાની, પીયુશ ગોયલ શિવરાજસિંહ ચોહાણનો સમાવેશ થાય છે. કેટલાક રાજ્યોના મુખ્યપ્રદાન ઉપરાંત નવજોત સિદ્ધુ અને અન્ય નેતાઓ પણ સામેલ છે. પ્રથમ વખત ભાજપ પોતાની તાકાત પર તમામ ૯૦ બેઠકો પર ચૂંટણી મેદાનમાં છે.

વર્ષ ૨૦૦૦માં પાર્ટીને છ , વર્ષ ૨૦૦૫માં બે અને વર્ષ ૨૦૦૯માં પાર્ટીને માત્ર ચાર બેઠકો મળી હતી. જો કે ભાજપે લોકસભાની ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવ્યો હતો. મોદી મેજિક વિધાનસભાની ચૂંટણીમાં પણ રહેશે કે કેમ તેને લઈને ચર્ચા છે. ભાજપ કોઇ પણકિંમતે કોંગ્રેસ પાસેથી સત્તા કબજે કરવાના પ્રયાસમાં છે. મહારાષ્ટ્રમાં પણ ચૂંટણી યોજાઈ રહી છે. બન્ને રાજ્યોમાં ૧૫મી ઓક્ટોબરના દિવસે મતદાન થનાર છે.

તેલંગાણા માટે વિશેષ દરજ્જાની માંગ થઈ

નવીદિલ્હી, તા.૧૧

તેલંગાણાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવે આજે કેન્દ્રીય નાણાપ્રધાન અરુણ જેટલી સાથે વાત કરી હતી અને હાલમાં જ નવા બનાવવામાં આવેલા નવા રાજ્ય માટે ખાસ દરજ્જાની માંગ કરી હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ટીઆરએસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં પક્ષના ડેપ્યુટી ફ્લોર નેતા વિનોદ કુમારે કહ્યું હતું કે, તેલંગાણાના પછાતપણાનો મુદ્દો નાણામંત્રી સમક્ષ ઉઠાવવામાં આવ્યો છે. ખાસ દરજ્જા માટેની માંગ બિલકુલ વાજબી છે. તેલંગાણામાં ૧૦ જિલ્લાઓ પૈકીના આઠ જિલ્લાઓને આયોજન પંચ દ્વારા પછાત તરીકે જાહેર કર્યા છે. ખાસ દરજ્જો અમારા રાજ્ય માટે મહત્વપૂર્ણ છે.

આઈટી કંપની ઈન્ફોસીસની જાહેરાત

દિવાળી ઉપર બોનસ શેર આપવાની જાહેરાત કરાઈ

બેંગ્લોર, તા.૧૧

દેશની ટોચની આઈટી કંપની ઈન્ફોસીસે દિવાળી ઉપર પોતાના મૂડીરોકાણ કારોને બોનસ શેર જારી કરવાની જાહેરાત કરી દીધી છે. કંપનીનો નફો ચાલુ નાણાકીય વર્ષમાં બીજા ત્રિમાસિક ગાળામાં બજારની અપેક્ષા કરતા ખૂબ સારો રહ્યો છે. કંપનીએ આમાં ૨૮.૬ ટકાનો વધારો નોંધાયો છે. કંપનીએ કહ્યું છે કે, જુલાઈથી સપ્ટેમ્બરની અવધિ દરમિયાન કુલ શુદ્ધ નફો વધીને ૩૦૯૬ કરોડ સુધી થઈ ગયો છે. જે ગયા વર્ષે આ જ અવધિમાં ૨૪૦૭ કરોડ હતો. ઉત્તરીય અમેરિકા અને યુરોપમાં ઉંચા વેચાણની મદદથી બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીની આવક ૨.૯ ટકા વધીને ૧૩૩૪૨ કરોડ થઈ ગઈ હતી. કંપનીએ અમેરિકી ડોલરની દૃષ્ટિએ સમગ્ર વર્ષ માટે વેચાણમાં ૭-૯ ટકાના વૃદ્ધિ દરનો અંદાજ જાળવી રાખ્યો છે. સારા પરિણામથી ઉત્સાહિત થઈને કંપનીએ ૩૦ રૂપિયા પ્રતિ શેર વચગાળાના લાભ આપવાની જાહેરાત કરી છે. જ્યારે ગયા વર્ષે ૨૦ રૂપિયાના પ્રતિ શેર વચગાળાના લાભની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ કંપનીએ દરેક શેર ઉપર એક બોનસ શેર આપવા અને પ્રત્યેક અમેરિકી ડિપોઝીટરી શેર પર બોનસ તરીકે એક એડીએસ આપવાની પણ જાહેરાત કરી છે. કંપની આશરે બે દશક પહેલા યાદી બનાવી ચુકી છે જે હેઠળ ત્રીજી વખત બોનસ શેર જારી કરવામાં આવી રહ્યા છે.

બળાત્કારના ૫ આરોપીને બીજીવાર ક્લિનચીટ મળી

મુઝફ્ફરનગર, તા.૧૧

મુઝફ્ફરનગર કોમી હિંસામાં તપાસ કરનાર સીટ સીમે બીજી વખત બળાત્કારના આરોપોનો સામનો કરી રહેલા પાંચ લોકોને ક્લિનચીટ આપી દીધી છે. પુરવાના અભાવે મહિલા ઉપર ગેંગરેપ કરવાના આરોપોનો સામનો કરી રહેલા પાંચ લોકોને ક્લિનચીટ આપી દેવામાં આવી છે. જે પાંચ લોકોને ક્લિનચીટ આપી દેવામાં આવી છે તેમાં સુશીલ, રમેશ, રામકુમાર, દેવેન્દ્ર અને જોગીન્દરનો સમાવેશ થાય છે. મુઝફ્ફરનગર અને તેના આસપાસના વિસ્તારોમાં ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વ્યાપક રમખાણો થયા હતા. આ ગાળા દરમિયાન ફુગનામાં ૮મી સપ્ટેમ્બરના દિવસે ૩૦ વર્ષીય મહિલા ઉપર સામૂહિક બળાત્કાર ગુજારવાનો આ તમામ લોકો ઉપર આક્ષેપ કરાયો હતો.